# સરદાર પટેલ યુનિવર્સિટી
## વલ્લભ વિદ્યાનગર
## સિન્ડિકેટની સભા (તારીખઃ૨૧/૦૧/૨૦૨૦, મંગળવાર)
## કાર્યનોંધ

સિન્ડિકેટની સભા, **તારીખઃ૨૧/૦૧/૨૦૨૦, મંગળવાર**ના રોજ સવારના ૧૦:૩૦કલાકે યુનિવર્સિટીના સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર મુકામે મળી હતી.

સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :-

ક્રમ સભ્યશ્રીઓના નામ

૧) ડૉ. શિરીષ આર. કુલકર્ણી (કુલપતિશ્રી)
૨) ડૉ. કે. સી. પટેલ
૩) ડૉ. નિરંજનકુમાર પી. પટેલ
૪) ડૉ. વિજયસિંહ એમ.વનાર
૫) ડૉ. ભાવેશ ડી. પટેલ
૬) શ્રી બિપીનચંદ્ર પુરષોત્તમદાસ પટેલ
૭) શ્રી કેતનકુમાર પરસોત્તમદાસ પટેલ
૮) શ્રી મહેન્દ્રભાઇ કેવલદાસ નાયી
૯) ડૉ. યજ્ઞેશકુમાર મોહનલાલ દલવાડી
૧૦) ડૉ. મહંમદરફી ગુલાબભાઇ મન્સુરી
૧૧) ડૉ. પ્રેમચંદ્ મોરારભાઇ કોરાલી
૧૨) શ્રી વિકાસ જીતેન્દ્રકુમાર શાહ
૧૩) શ્રીમતી પ્રતિક્ષા ચુનીભાઇ પટેલ
૧૪) શ્રી મેહુલકુમાર દિનેશચંદ્ર પટેલ
૧૫) શ્રી મનિષ એસ. પટેલ
૧૬) શ્રી રાજેશભાઇ રમેશભાઇ પટેલ
૧૭) શ્રી સુનીલ સુર્યકાન્તભાઇ શાહ
૧૮) શ્રી સંજયકુમાર રમણભાઇ પટેલ

નીચેના સભ્યશ્રીઓ હાજર રહી શક્યા ન હતાઃ-

૧) ડાયરેકટર, કમિશ્નર ઓફ હાયર એજ્યુકેશન, ગુજરાત રાજ્ય
૨) ડાયરેકટર (કમિશ્નર ઓફ ટેકનીકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય)
૩) ડાયરેકટર ઓફ હેલ્થ, મેડીકલ સર્વિસીસ એન્ડ મેડીકલ એજ્યુકેશન
૪) શ્રી દેવાંગભાઇ રમેશભાઇ પટેલ
૫) શ્રી રાહુલ આનંદ દલાલ
૬) શ્રી મીતેશભાઇ રમેશભાઇ પટેલ
૭) શ્રી કમલેશભાઇ રમેશભાઇ પટેલ

શ્રી અલ્પેશ પુરોહિતને તા.૧૬-૦૮-૨૦૧૯ની સિન્ડિકેટ સભાના ઠરાવ અનુસાર તા.૧૫-૦૮-૨૦૨૦ સુધી સિન્ડિકેટની કોઇપણ સભામાં હાજરીમાંથી બાકાત રાખવામાં આવે છે.

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી.

## (સિન્ડિકેટ વિભાગ)

૧. તારીખઃ૩૧/૧૨/૨૦૧૯ને મંગળવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. (બિડાણઃ૧ પૃ.૧ થી ૧૭)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૩૧/૧૨/૨૦૧૯ને મંગળવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી.**

૨. તારીખઃ ૩૧/૧૨/૨૦૧૯ને મંગળવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહિના અહેવાલની નોંધ લેવા બાબત. (બિડાણ-૨)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૩૧/૧૨/૨૦૧૯ને મંગળવાર ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલ ઠરાવો ઉપર કરેલ કાર્યવાહી મંજૂર કરવામાં આવી.**

## (મહેકમ વિભાગ)

૩. યુનિવર્સિટીમાં નીચે જણાવેલા કર્મચારીઓ તેમના નામ સામે દર્શાવેલી તારીખે બે વર્ષનો અજમાયશી સમય પુરો કરતા હોઈ તેઓને જે તે કાયમી જગા ઉપર કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

| **અનુ.** | **નામ, હોદ્દો અને વિભાગ** | **બે વર્ષનો અજમાયશી સમય પૂરો થવાની તારીખ** |
|---|---|---|
| ૧. | ડૉ. મિતેશ મહેશભાઈ જયસ્વાલ, પ્રોફેસર, અનુસ્નાતક એમ. બી. એ. વિભાગ | ૦૪-૦૩-૨૦૨૦ |
| ૨. | શ્રી કમલેશકુમાર રતિલાલ બળેવિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અનુસ્નાતક ગણિતશાસ્ત્ર વિભાગ | ૦૮-૦૩-૨૦૨૦ |
| ૩. | ડૉ. પારૂલ શાંતિલાલ પોપટ, એસોસિએટ પ્રોફેસર અનુસ્નાતક અંગ્રેજી વિભાગ | ૧૪-૦૩-૨૦૨૦ |

(નોંધઃ૧. ઉપરોકત કર્મચારીઓએ અજમાયશી સમય દરમ્યાન જે તે વિભાગમાં ફરજ બજાવેલ તે વિભાગના વડાશ્રીઓએ આપેલ સબંધિત કર્મચારીઓનો તે સમયગાળાનો ખાનગી અહેવાલ સભા સમક્ષ રજૂ કરવામાં આવશે.

૨. યુનિવર્સિટી હેન્ડબુક પાર્ટ ૨માં ઓર્ડિનન્સ - ૯૫ (૩)માં નીચે મુજબ કાયમ કરવા માટે ઠરાવેલ છે.

"All cases for Confirmation will ordinarily be placed before the Syndicate three months before the expiry of the Probationary period. One month's notice or salary in lieu thereof will be given to the employee if his service is terminated during the period of probation.")

**સભામાં થયેલી સર્વગ્રાહી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે કાર્યસુચીમાં દર્શાવેલ ક્રમાંક ૧ થી ૩ માં દર્શાવેલ કર્મચારીઓનો અજમાયશી સમયગાળા દરમ્યાનની કામગીરી સંતોષકારક હોઇ સંબંધકર્તા તારીખથી તેઓને કાયમી જગ્યા ઉપર કાયમી તરીકેનો આદેશ બહાર પાડવો.**

૪. આચાર્યશ્રી, શ્રી પુરૂષોત્તમદાસ મોતીભાઇ પટેલ ઇન્સ્ટિટયુટ ઓફ પોષ્ટ ગ્રેજ્યુયેટ સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઇન એપ્લાઇડ સાયન્સ, આણંદના તારીખઃ૨૮/૧૧/૨૦૧૯ના પત્ર નં. PMPIS&R/Out./07/2019-20થી તેમની કોલેજમાં Ujawalaben Bhupendrabhai Makwanaની Assistant Professor in Forensic Science તરીકે કરેલ નિમણુંકને માન્યતા આપવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત;

**આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી, શ્રી પુરૂષોત્તમદાસ મોતીભાઇ પટેલ ઇન્સ્ટિટયુટ ઓફ પોષ્ટ ગ્રેજ્યુયેટ સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઇન એપ્લાઇડ સાયન્સ, આણંદના તારીખઃ૨૮/૧૧/ ૨૦૧૯ના પત્ર નં. PMPIS&R/Out./07/2019-20થી તેમની કોલેજમાં Ujawalaben Bhupendrabhai Makwanaની Assistant Professor in Forensic Science તરીકે કરેલ નિમણુંકને માન્યતા આપવી.**

**શૈક્ષણિક લાયકાતઃ**

બી.એસસી. (માઇક્રોબાયોલોજી) માર્ચ/એપ્રિલ-૨૦૧૧ ૪૯.૮૧%
એમ.એસસી. (ફોરેન્સિક સાયન્સ) એપ્રિલ-૨૦૧૩ ૭૪.૭૦%
બી.એડ્. (એડવાન્સ) માર્ચ-૨૦૧૫ ૮૫.૩૮%
**યુજીસી-નેટ (ફોરેન્સિક સાયન્સ) ડીસેમ્બર-૨૦૧૫**

**(જનરલ વિભાગ)**

૫. યુનિવર્સિટીની વર્ષ-૨૦૨૦ની ડાયરી તૈયાર કરવાની કામગીરી હાલ પ્રગતિમાં છે. તાજેતરમાં બે નવી યુનિવર્સિટીઓની સ્થાપના થયેલ છે.

સદર બન્ને યુનિવર્સિટીઓની સેલ્ફ ફાઇનાન્સ કોલેજો જે યુનિવર્સિટી સંલગ્ન છે/હતી, તે કોલેજોમાંથી સેનેટ મેમ્બરની યાદીનો ડાયરીમાં સમાવેશ કરવો કે નહી? વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સંલગ્ન દરેક સેલ્ફ ફાઇનાન્સ કોલેજોની યુનિવર્સિટી દ્વારા માન્યતા પ્રાપ્ત હાલ ભણાવતા ટીચર્સની લેખિત પ્રોફાઇલ દિન-૧૦માં મંગાવી યુનિવર્સિટી રૂબરૂ ચકાસણી કરશે.

ડાયરી -૨૦૨૦ સેનેટ સભ્યશ્રીઓની યાદીનો સમાવેશ કર્યા સિવાય તૈયાર કરવી.

૬. ડૉ. વાય. સી. જોષી, ડાયરેક્ટર, એમ. બી. એ. વિભાગની દરખાસ્ત **"Endline Survey of Knowledge, Attitude and Practices(KAP)" Office of the Chief Electrol Officer, Gujarat State, Gandhinagar** ને મોકલેલ, જેના સંદર્ભે રૂ. ૧૫,૬૫,૦૦૦/- મંજૂર થયેલ છે.

આથી ઠરાવવામાં આવે છે ઉપરોકત મંજૂર કરેલ અનુદાનની સહર્ષ નોંધ લેવી તથા ડૉ. વાય.સી. જોષી, ડાયરેક્ટર, એમ. બી. એ. વિભાગને અભિનંદન પાઠવવા.

**(એકેડેમિક વિભાગ)**

૭. સિન્ડીકેટ સભ્યશ્રી ર્ડા. એમ.જી. મન્સુરીના તારીખ.૧૬/૧૨/૨૦૧૯ના પત્રથી વિદ્યાર્થી દીઠ લેવાતો યુનિવર્સિટી ફાળો ઘટાડવા અથવા જીમખાના ફી વધારવા અથવા કોલેજ ઈતર પ્રવૃત્તિ ફી નકકી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદર બાબતે નીચે પ્રમાણેના સભ્યશ્રીઓની સમિતિ નીમવી અને કુલપતિશ્રી દ્વારા એક શૈક્ષણિક કર્મચારીને વધારાના સભ્ય તરીકે નિયુક્ત કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૧. ડૉ.એમ.જી.મન્સુરી (આવાહક)
૨. શ્રી રાજેશ પટેલ
૩. શ્રી કેતનભાઇ પટેલ
૪. ડૉ. પ્રેમચંદ કોરાલી

સદર સમિતિની ભલામણો સિન્ડિકેટની મંજૂરી મેળવ્યા બાદ નિર્ણય લેવો.

**(હિસાબ વિભાગ)**

૮. તારીખઃ૧૭/૦૧/૨૦૨૦ સોમવારના રોજ મળેલ ફાઈનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ કમિટિએ કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ ૩ પૃઃ કાર્યનોંધ)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૭/૦૧/૨૦૨૦ સોમવારના રોજ મળેલ ફાઈનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ કમિટિએ કરેલ ભલામણો મંજૂર કરવામાં આવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે આગામી સેનેટમાં રજૂ થનારા બજેટ જરૂર જણાય તો યોગ્ય તે સુધારા-વધારા સહિત રજુ કરવું.**

૯. **કુલપતિશ્રીએ મંજુર કરેલ કાર્યની માહિતી : (મહેકમ વિભાગ)**
યુનિવર્સિટીનાં યુનિવર્સિટી સાયન્સ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેન્સ સેન્ટર(યુસિક) વિભાગમાં પ્રોફેસરની જગા માટે લાયકાતના ધોરણો કુલપતિશ્રીએ મંજૂર કર્યાના.

**કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોકત કાર્ય બાબત ક્રમાંકઃ ૯ ને બહાલી આપવામાં આવી.**

**(પરીક્ષા વિભાગ)**

૧૦. નવેમ્બર/ડીસેમ્બર - ૨૦૧૯ની યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પરીક્ષાલક્ષી ગેરરીતી આચરતા પકડાયેલા પરીક્ષાર્થીઓ માટે તપાસ કરી તેને લગતી ભલામણો કરવા માટે તા. ૧૭/૦૧/૨૦૨૦ ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિએ કરેલી ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.
(બિડાણ : ૪ પૃઃ તા. ૧૭/૦૧/૨૦૨૦ની પરીક્ષા શુદ્ધિ સમિતિની કાર્યનોંધ)

**આથી ઠરાવવામાં આવે છે કે નવેમ્બર/ડીસેમ્બર - ૨૦૧૯ની યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પરીક્ષાલક્ષી ગેરરીતી આચરતા પકડાયેલા પરીક્ષાર્થીઓ માટે તપાસ કરી તેને લગતી ભલામણો કરવા માટે તા.૧૭/૦૧/૨૦૨૦ ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિએ કરેલી ભલામણો મંજૂર કરવી, વધુમાં ક્રમાંક : ઈ બાબતે બંને દોષિત વિદ્યાર્થીઓ ત્રણ વર્ષ સુધી યુનિવર્સિટીની કોઇ પણ પરીક્ષા આપી શકશે નહિ અને આ યુનિવર્સિટીના કોઇ પણ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી શકશે નહિ.**

**(એકેડેમિક વિભાગ)**

૧૧. શ્રી પી.એમ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન(બી.એડ્.), આણંદ દ્વારા પ્રધ્યાપકને ખોટી રીતે રેગ્યુલર શિક્ષક બતાવવા તથા પ્રાધ્યાપકની ખોટી બોગસ સહી કરવા બાબતે તપાસ સમિતીના અહેવાલ ઉપર ચર્ચા ચિારણા કરવા બાબતઃ (બિડાણ : ૫ પૃઃ તપાસ સમિતીના અહેવાલ)

સદર બાબતની ચર્ચા શરૂ કરતા પુર્વે, આ બાબત સિન્ડિકેટ સભ્યશ્રી બિપિનચંદ્ર પટેલની સંસ્થા અંગેની હોવાથી તેઓને સભામાં હાજર ન રહેવા વિનંતી કરી હતી, તેથી તેઓ વિનંતી સ્વીકારી સદર બાબતની ચર્ચામાં ઉપસ્થિત રહ્યા ન હતા.

તપાસ સમિતિના અહેવાલ અંગે લંબાણપુર્વક તમામ પાસાંઓને ધ્યાને લઇ વિસ્તૃત ચર્ચા-વિચારણા બાદ નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યુ.

૧) સમિતિએ આપેલો અહેવાલ સ્વીકારી શ્રી બિપીનચંદ્ર પી.પટેલ, પ્રમુખશ્રી, આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી તથા શ્રી હરિહર પટેલ, ઇન્ચાર્જ આચાર્યશ્રી , શ્રી પી.એમ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન(બી.એડ્.), આણંદ, નાઓ કાયદાના જાણકાર તથા સિન્ડિકેટ સભ્ય તરીકેનો મહત્વનો હોદ્દો ધરાવતા હોવા છતા પોતાની સત્તા તથા પદનો દુરુપયોગ કરી વારંવાર આવા પ્રકારના ગુનાહિત કૃત્યો કરવામાં આવતા હોવાનું જણાઇ આવતુ હોઇ તેઓ વિરૂધ્ધમાં યુનિવર્સિટી વતી પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપવા ઠરાવી યુનિવર્સિટીના કાર્યકારી કુલસચિવશ્રીનાઓને સત્તા આપવામાં આવે છે.

૨) આ અગાઉ પણ શ્રી બિપીનચંદ્ર પી.પટેલ, પ્રમુખશ્રી, આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી તથા શ્રી પી.એમ.પટેલ કોલેજ ઓફ લૉ એન્ડ હ્યુમન રાઇટ્સ અને શ્રી પી.એમ.પટેલ પોસ્ટ ગ્રેજ્યુએટ ઇન્સ્ટીટયુટ ઓફ લૉ એન્ડ હ્યુમન રાઇટ્સ નાઓના આચાર્યો દ્વારા વિવેક ભટ્ટ તથા સુશીલ દાસ નાઓ તેઓની કોલેજમાં શિક્ષક/પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ના હોવા છતા તેઓની બનાવટી તથા ખોટી સહીઓ કરી યુનિવર્સિટીને ગેરમાર્ગે દોરવા બદલ વિદ્યાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવેલ ત્યાર બાદ, આ જ પ્રકારના ગુનાહિત કૃત્યો યુનિવર્સિટીના ધ્યાને આવેલ છે જે ખૂબ જ ગંભીર બાબત છે.

૩) સદર રિપોર્ટ અંગે સિન્ડિકેટમાં સભ્યો તરફથી થયેલ રજુઆત મુજબ સદર બાબતેની ગંભીર નોંધ લઇ જરૂરી પગલા ભરવા માન.ગર્વનરશ્રી, ગુજરાત રાજ્ય, NCTE, New Delhi અને ચેરિટી કમિશ્નરને જાણ કરવી.

૪) સદર સંસ્થામાં ચાલતા બી.એડ. અભ્યાસક્રમ શીખવતી કોલેજને No Admission Zone માં મુકવી.

બાબત ક્રમાંકઃ ૧૧ ની ચર્ચા અને ઠરાવ બાદ શ્રી બિપિનચંદ્ર પી પટેલ બાકીના સમય માટે સભામાં હાજર રહ્યા હતા.

**અધ્યક્ષ સ્થાનેથી નીચેની બાબતો રજૂ થઇ હતી.**

૧) શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ થી B.Pharm તથા M.Law(Crime) અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે.

૨) શૈક્ષણિક કર્મચારીઓ માટે સુચિત મલ્ટી સ્ટોરીઝ બિલ્ડીંગના (Ground Floor Parking + 6 માળ = 24 રહેઠાણો માટે) ખાત મુહૂર્ત માટે સાંસદ અને સિન્ડિકેટ સભ્યશ્રી મિતેષભાઇ પટેલ અને વિદ્યાનગર નગરપાલિકામાંથી શ્રી મહેન્દ્રભાઇ પટેલને આમંત્રણ આપવું.

૩) તાઃ ૧૧ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ યોજીત SPU-Alumni Global Connect Meet ને સારો પ્રતિભાવ મળ્યો હતો, અને તેના આયોજન પેટે ચેરમેનશ્રી, ચારૂતર વિદ્યામંડળ તરફથી રૂ.૧,૨૫,૦૦૦/- તથા SPU-Alumni-USA શ્રી ગોરધનભાઇ પટેલ તરફથી અનુક્રમે રૂ.૧,૫૦,૦૦૦/- ચેકથી Global Meet 2020 માટે દાન આપ્યુ હતું.

વધુમાં શ્રી ગોરધન પટેલ તરફથી સુર્વણચંદ્રક માટે રૂ.૨,૫૧,૦૦૦/- નું દાન પ્રાપ્ત થયું છે.

સદર Event ના સફળ આયોજન માટે કુલ ૧૯ વ્યકિતઓ તરફથી દરેકના રૂ.૫૦૦૦/- તથા રજીસ્ટ્રેશન પેટે કુલ ૩૮૦ વ્યકિતઓના દરેકના રૂ.૫૦૦/- લેખે પ્રાપ્ત થયા હતા.

**સિન્ડિકેટના કેટલાક સભ્યશ્રીઓએ નીચેની બાબત અધ્યક્ષશ્રીની મંજુરીથી રજૂ કરી હતી.**

વર્ષ ૨૦૧૪માં તત્કાલીન OSD/Reg.(I/c) દ્વારા તે સમયની સિન્ડિકેટ સભાના સભ્યશ્રીઓ તથા અન્યો ઉપર કરવામાં આવેલ કોર્ટ કેસ/પોલિસ ફરિયાદ પરત ખેંચવી.

ઉપરોકત બાબતે સર્વાનુમતે અનુમતિ મળી હતી.

ત્યારબાદ, સભાની કાર્યવાહી પુરી થઇ હતી.

નંબરઃ કે.૪/૫૧૩૭
વલ્લભ વિદ્યાનગર
તારીખ :૨૧/૦૧/૨૦૨૦

Umajumdar
કા. કુલસચિવ

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ જોગ.